અપીલ અરજી નં.૨૮૮ તા .૨૧–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી કેશુભાઈ કડવાભાઈ હીરપરા
સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકત:–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કેશુભાઈ કડવાભાઈ હીરપરાની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત ડિસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડિસ્ટ્રીકટ, મોજે ગામ પુણાનાં રે.સ.નં.૧૦/૧, ૨૫/૨, ૨૬/૧, ૨૬/૨, ૨૮, બ્લોક નં. ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦,૫૬૯વાળી જમીન ઉપર આયોજીત " રંગ અવધુતધામ કો.ઓ.હા.સોસાયટો લી" કઈ સાલમાં સુરત મહાનગરપાલિકાની હદમાં આવી તેની માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૧૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૮૮/૨૦૧૧–૧૨

શ્રી કેશુભાઈ કડવાભાઈ હીરપરાની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત ડિસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડિસ્ટ્રીકટ, મોજે ગામ પુણાનાં રે.સ.નં.૧૦/૧, ૨૫/૨, ૨૬/૧, ૨૬/૨, ૨૮, બ્લોક નં. ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦,૫૬૯વાળી જમીન ઉપર આયોજીત " રંગ અવધુતધામ કો.ઓ.હા.સોસાયટો લી" કઈ સાલમાં સુરત મહાનગરપાલિકાની હદમાં આવી તેની માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૧૭)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે માહિતી વિષય–વસ્તુ અંગે દફતરી હકીકત આધાર સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૮ તા.૪–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૩૯૧ તા.૧૬–૦૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૮૦૮ તા.૧૨–૮–૧૧ થી વરાછાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૯૧ તા.૧૬–૯–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને પાઠવેલ જવાબની પહોંચની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૦૮ તા.૧૨–૮–૧૧ થી વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૯૧ તા.૧૬–૯–૧૧ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારના અરજીના મુદ્દા નં. (૧) સુરત ડિસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડિસ્ટ્રીકટ, મોજે ગામ પુણાનાં રે.સ.નં.૧૦/૧, ૨૫/૨, ૨૬/૧, ૨૬/૨, ૨૮, બ્લોક નં. ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦,૫૬૯વાળી જમીન ઉપર આયોજીત " રંગ અવધુતધામ કો.ઓ.હા.સોસાયટો લી" કઈ સાલમાં સુરત મહાનગરપાલિકાની હદમાં આવી તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોજે ગામ પુણા વિસ્તારને સને ૨૦૦૬ માં સુમપામાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) પેરા નં.૧ માં જણાવેલ સોસા.નું સુરત મહાનગરપાલિકા ધ્વારા વેરાબીલમાં માલિક/કબ્જેદાર તરીકે નામ ચડાવાનું સર્વે કઈ સાલમાં થયું તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોજે ગામ પુણામાં આવેલ રંગ અવધુતધામ સોસા.ની મિલ્કતોનું સર્વે કરી આકારણી દફતરે સને ૨૦૦૬ માં દાખલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) પેરા નં.૧ માં જણાવેલ સોસા.નું વેરાબીલમાં માલિક/કબ્જેદાર તરીકે નામ ચડાવાનું સર્વેસુરત મહાનગરપાલિકાના કયા ડીપાર્ટમેન્ટ ધ્વારા અને કયા અધિકારી ધ્વારા કરવામાં આવ્યું તેના નામ, હોદ્દા,સંપર્ક નંબર સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત બાબતે વરાછાઝોનની આકારણી દફતરે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં રોજીંદા બેલદારો ધ્વારા કરવામાં આવેલ સર્વે અન્વયે આકારણી અને વસુલાત અધિકારીશ્રી વાય.એસ.દેસાઈના હુકમ અન્વયે મલ્ટીટેક સીસ્ટમના કોમ્પ્યુ. ઓપરેટરો ધ્વારા વેરાબીલમાં માલિક/કબ્જેદારો કે વસવાટ/ભોગવટો કરનાર તરીકે નામ ચડાવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪)વેરાબીલમાં માલિક/કબ્જેદાર તરીકે નામ ચડાવાનું સર્વે સમયે સુરત મહાનગરપાલિકા ધ્વારા મિલ્કતના મુળ

માલિક ભાડુઆત અને કબ્જેદારોને સર્વે અંગેની નોટીસ આપવામાં આવે છે કે કેમ? તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ગ્રામ પંચાયતને આકારણી દફતરે દાખલ કરતી વખતે સ્થળ તપાસ દરમ્યાન રજૂ કરેલ પુરાવા તથા સ્થળ સ્થિતિ મુજબ સર્વે કરેલ છે જે અંગેની નોટીસ આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) વેરાબીલમાં માલિક/કબ્જેદાર તરીકે નામ ચડાવાનું સર્વે દરમ્યાન સુરત મહાનગપાલિકા ધ્વારા મિલ્કતના મુળ માલિક ભાડુઆત અને કબ્જેદારો પાસેથી કયા કયા પુરાવઓ? સુરત મહાનગપાલિકા ધ્વારા લેવામાં આવે છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વેરાબીલમાં માલિક/કબ્જેદાર તરીકે નામ ચડાવવા પ્લોટ હોલ્ડર પાસેથી કબ્જા સાથેના વેચાણ કરાર વેચાણ દસ્તાવેજ વિ. જમીનને લગતા પુરાવાઓ તથા ભાડુઆત પાસેથી ભાડાચિઠ્ઠી વિ. જેવા પુરાવાઓ લેવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) પેરા નં.૧ માં જણાવેલ સોસા.માં આવેલ પ્લોટ હોલ્ડરો પાસે મિલ્કતના મુળ માલિક, ભાડુઆત અને કબ્જેદારો પાસેથી માલિકીના ભાડુઆત તરીકેના કે કબ્જેદાર તરીકેના પુરાવાઓ લેવામાં/માંગવામાં આવેલ છે કે કેમ તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રંગ અવધુત સોસા.માં સ્થળ તપાસ દરમ્યાન મિલ્કતદારો પાસેથી પ્લોટ હોલ્ડરો પાસેથી સુસંગત પુરાવાઓ માંગવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) કોઈ પણ પ્રકારના પુરાવાઓ ન હોય તો વેરાબીલમાં માલિક/કબ્જેદાર તરીકે નામ ચઢાવી શકાય કે કેમ તેની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પુરાવાઓ વગર વેરાબીલમાં માલિક/કબ્જેદાર તરીકે નામો ચડાવી શકાય નહીં પરંતુ સ્થળ તપાસ દરમ્યાન વસવાટ અગર ભોગવટો કરનારનું નામ દાખલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૮) કોઈ પણ પ્રકારના પુરાવાઓ ન હોય તો વેરાબીલમાં માલિક/કબ્જેદાર તરીકે નામ ચડાવેલ હોય તો તેવા સુરત મહાનગપાલિકાના અધિકારી સામે કયા કાયદાની જોગવાઈ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પણ પ્રકારના પુરાવાઓ ન હોય તો વેરાબીલમાં માલિક/કબ્જેદાર તરીકે નામો ચડાવેલ હોય તો તે અધિકારી સામે સુમપાના નિતિ નિયમો મુજબ તપાસ કરી ગુણદોષના આધારે કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ સ્થળ તપાસ દરમ્યાન વસવાટ અગર ભોગવટો કરનારનું નામ દાખલ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૯) કાયદેસરના માલિકીના પુરાવાઓ હોય તો વેરાબીલમાં માલિક તરીકે નામ ચડાવવાનો સુરત મહાનગપાલિકા ઈન્કાર કરી શકે કે કેમ તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કાયદેસરના માલિકીના પુરાવાઓ રજૂ કર્યા હોય તો વેરાબીલમાં માલિક તરીકે નામો ચઢાવવામાં સુમપા ધ્વારા ઈન્કાર કરવામાં આવતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૦) મ્યુ.ટેના નં.૬ ૪સી–૩૩–૫૨૫૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં હાલ વેરાબીલમાં કોનું નામ ચડાવેલ છે તેની માહિતી તથા મુદ્દા નં.(૧૧) પેરા નં.૧૦ વાળી મિલ્કત કયા પુરાવાઓને આધારે વેરાબીલમાં નામ ચડાવેલ છે તેની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.(૧૨) પેરા નં.૧૧ માં જણાવેલ પુરાવાઓની સર્ટીફાઈડ નકલની માહિતી. તેવા પ્રશ્નં.૧૦,૧૧,૧૨ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પુણા ગ્રામ પંચાયત વિસ્તારને સુમપામાં સને ૨૦૦૬ માં સમાવિષ્ટ કરવામાં આવતા વરાછાઝોનના દફતરે રંગ અવધુતધામ સોસા.ની મિલ્કતો દાખલ કરતી વખતે પ્લોટ નં.૨૮૪ ના સ્થળ તપાસ દરમ્યાન મિલ્કતદારના કોઈ પુરાવા રજૂકરેલ ન હોવાથી સ્થળ સ્થિતિ મુજબ વસવાટ અગર ભોગવટો કરનાર તરીકે મંજુબેન મનસુખભાઈ કોટડીયાનું નામ ફકત વેરાના હેતુસર દાખલ કરવામાં આવેલ છે. જે સ્થળ તપાસના પત્રકની નકલ પાના નંગ–૧ રૂા.૨/– ભર્યેથી વરાછાઝોન કચેરીએથી આપવામાં આવશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૩) શું રહેમ રાહે મિલ્કત ટુંક સમય માટે વાપરવા ઉપભોગ કરવા આપેલ હોય તો તેવા વ્યકિતઓના નામ વેરાબીલમાં માલિકની હયાતીમાં મુળ માલિકની લેખિત સંમતિ કે પરવાનગી વિના ચડાવી શકાય? હા કે ના તેની સંપૂર્ણ માહિતી . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જે તે સમયે સ્થળ તપાસ દરમ્યાન વસવાટ કે ભોગવટો કરનાર વ્યકિતનું નામ ફકત વેરા વસુલાતના હેતુસર દાખલ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૪) પેરા નં.૧૦ વાળી મિલ્કત કયા સુરત મહાનગપાલિકાના અધિકારી ધ્વારા સર્વે કરવામાં આવેલ છે અને વેરાબીલમાં જે અધિકારીએ નામ ચડાવ્યું છે તે અધિકારીનું સંપૂર્ણ નામ, હોદ્દા, સંપર્ક તથા કર્મચારી નંબર સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે મુદ્દા નં.૩ માં માહિતી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૫) ઉપરોકત માહિતી રેકર્ડ મેન્યુઅલ મુજબ કયા ગ્રેડમાં આવે છે તેની માહિતી. મુદ્દા નં.(૧૬) ઉપરોકત માહિતી રેકર્ડ મેન્યુઅલ મુજબ કેટલા સમય માટે સાચવવાની હોય તેની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન મુદ્દા નં.૧૫ અને ૧૬ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કત સર્વે કરેલ આકારણીના તુમાર રેકર્ડ રૂલ્સ મુજબ એ કેટેગરીમાં આવે છે જેની સાચવણી ૩૫ વર્ષ સુધી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૭) ઉપરોકત ૧ થી ૧૭ નંબરના મુદ્દાની માહિતી કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, ચોરાઈ ગઈ હોય, ગુમ થઈ હોય તો તે સંબંધી પોલીસ ફરીયાદ કરી હોય તે પત્રની નકલ અને કોના કાર્યકાળ દરમ્યાન કચેરીમાંથી માહિતી ગુમ થઈ તે તમામ અધિકારીઓના નામ, હોદ્દા વિગેરેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત ૧ થી ૧૭ નંબરના મુદ્દાની માહિતી વરાછાઝોનના આકારણી દફતરે ઉપલબ્ધ રેકર્ડ મુજબ આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી તા.૨૧–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાય છે. આથી અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી કેશુભાઈ કડવાભાઈ હીરપરા